સવારે યા સાંજે
અકિલા

તા.૧૧ ફેબ્રુઆરી ૨૦૦૯ વિક્રમ સંવત ૨૦૬૫ મહા વદ - ૨ બુધવાર



## અમેરિકામાં હિન્દુ સ્વયંસેવક સંઘ (HSS) ના નાપેરવિલે-અરોરા ચેપ્ટર દ્વારા સુર્યનમસ્કાર દિવસ ઉજવાયોઃ સમગ્ર અમેરિકામાં ૧૧૦ સ્થળોએ યોજાયેલા સુર્ય નમસ્કાર યજ્ઞમાં ૧૦ હજાર લોકો જોડાયા : યોગ અને સુર્ય નમસ્કાર વિશે લોકોમાં જાગૃતતા ફેલાવવા HSS સ્વયંસેવકોનો અનેરો ઉત્સાહ

નાપેરવિલે : હિન્દુ સ્વયંસેવક સંઘ (HSS) નાપેરવિલે અને અરોરા ચેપ્ટર દ્વારા સુર્યનમસ્કાર ડેની ઉજવણી કરવામાં આવી હતી. બે અઠવાડીયા સુધી ચાલેલા યોગા મેરાથોનની પૂર્ણાહુતી નિમીતે સુર્યનમસ્કાર યજ્ઞના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ શિકાગોલેન્ડમાં બીજીવાર સપુર્ણ સફળતાપૂર્વક યોજાયો હતો. HSS ના સ્વયંસેવકોએ સમાજના લોકોમાં યોગ અને સુર્ય નમસ્કાર વિશેની જાગૃતી કેળવવા ઘણા ઉત્સાહથી કાર્ય કર્યું હતું.

આ કાર્યક્રમ બધા માટે હતો અને તેમાં કોઈપણ જાતની ફી પણ રાખવામાં આવી ન હતી. HSS એ દ્વારા સમાજમાં સુર્ય નમસ્કાર અને યોગ વિશે જાગૃતી લાવવા એક મિલીયન સુર્યનમસ્કારનું આયોજન કરાયું હતું. તંદુરસ્ત શરીર, તંદુરસ્ત મન અને આધ્યાત્મીક શાંતી જેવા યોગના લાભો વિશે સમાજમાં જાગૃતતા લાવવા આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમની શરૂઆત ૧૭ જાન્યુ.એ થઈ હતી. અને પૂર્ણાહુતી ૧ ફેબ્રુ.એ કરવામાં આવી હતી. HSS દ્વારા સુર્યનમસ્કાર યજ્ઞનું આયાજન સ્કમબર્ગ, નાયેરવિલે-અરોરા, લેક કાઉન્ટી-મુન્ડેલેઈન, શિકાગા ડાઉનટાઉન, યુનિવર્સિટી ઓફ શિકાગો તેમજ યુનિવર્સિટી ઓફ ઈલીનોઈસ શિકાગો ખાતે કરવામાં આવ્યું હતું.

નાપેરવિલે સીટી સ્કુલ ડિસ્ટ્રીકટ બોર્ડના મેમ્બર અલ્કા જી ટાયલે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને સુર્યનમસ્કાર કર્યા હતા. તેમણે સુર્યનમસ્કાર વિશેના મંતવ્યો જણાવ્યા હતા અને કાયમી માટે સુર્યનમસ્કાર કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. બાળકોને આ કાર્યક્રમમાં ભાગ લેવા બદલ પ્રામણપત્ર પણ આપવામાં આવ્યા હતા. ૧૦૦ જેટલા લોકોએ ૨૯૦૯ જેટલા સુર્યનમસ્કાર પૂર્ણ કર્યા હતા. સુર્યનમસ્કારના ફાયદા અને હિન્દુ સ્વયંસેવક સંઘ દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સુર્યનમસ્કાર યજ્ઞ યોજવા પર ભાર મુકયો હતો. સુર્યનમસ્કારએ દસ યોગાસનનું મિશ્રણ છે કે જે સમગ્ર શરીરને કસરત આપે છે અને મનને શાંત રાખે છે. અને બુધ્ધિપ્રતિભા વધારે છે.

દર વર્ષે હિન્દુઓ સમગ્ર વિશ્વમાં ૧૪મી જાન્યુ.ને મકરસંક્રાન્તીના રૂપમાં ઉજવે છે. કે જયારે સુર્ય મકર રાશીમાં પ્રવેશ કરે છે. મકરસંક્રાન્તી બાદ લાંબા દિવસો શરૂ થાય છે. જે દર્શાવે છે કે જીવનમાં નવો સુર્યોદય થયો છે. તેથી જ હિન્દુ સ્વયંસેવક સંઘ દ્વારા ૧૭ જાન્યુ. થી ૧ ફેબ્રુ. સુધી સર્યનમસ્કાર યજ્ઞનું આયોજન કરાયું હતું. જેમાં ૧૦,૦૦૦ લોકોએ ભાગ લીધો હતો અને ૧૧૦ સ્થળોએ યોજાયેલા સુર્યનમસ્કાર યજ્ઞમાં સુર્યનમસ્કાર કર્યા હતા.

**Access Blocked - Content Alert**

The URL:
http://c5.zedo.com/jsc/c5/ff2.html?
was blocked

- The link you are accessing has been blocked by the Barracuda Web Filter because it matches a blocked category. The name of the category is: "advertisement-pop-ups"